IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# Key Issues In Developing Civic Sense Among Children

## નાગરિક સૂઝ વિકસાવવામાં અસર કરતી ચાવીરૂપ બાબતો

**Dr. Chiragbhai Darji**

**Associate Professor**

**Children's Research University**

**Gandhinagar**

**Abstract**

સામાજિક વિજ્ઞાનનો અભ્યાસ કરવાથી આપણને ઘણા મહત્વપૂર્ણ જવાબો અને અવલોકનો મળી શકે છે જે આપણા જીવનની સમજ સુધારવામાં મદદ કરી શકે છે, અને આ રીતે એકબીજા સાથેની આપણી ક્રિયાપ્રતિક્રિયામાં સુધારો કરવામાં મદદ કરશે. સામાજિક વિજ્ઞાન બાળકોને ઉછેરવા, સંસારિક સંબંધો, પારિવારિક સંબંધો, મિત્રતા, કાર્યસ્થળ સંબંધો, અજાણ્યાઓ સાથેની ક્રિયાપ્રતિક્રિયા, સાંસ્કૃતિક મતભેદો, વગેરે જેવા તમામ પ્રકારની સામાજિક પરિસ્થિતિઓની સમજ આપી શકે છે. આ પરિસ્થિતિઓ અને જટિલ દૃશ્યોનો અભ્યાસ કરવો. પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ઉપર કરવામાં આવેલ છે. જેમાં છોટાઉદેપુર તાલુકાની ૬ શાળાઓ લેવામાં આવેલ હતી. સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ હતો. કુલ બે ઉપકરણો તૈયાર કરવામાં આવેલ હતા. સંશોધનનાં તારણો માં જોવા મળેલ છેકે શિક્ષકની ભૂમિકા સવિશેષ છે. વધુ પડતા પ્રવૃત્તિ અને અનુભવજન્ય પ્રવૃત્તિથી અધ્યાપન કરાવવું જોઈએ. વધુ પડતા આંતરવૈયક્તિક સબંધો વિકસે તેવા પ્રકારનું અધ્યાયન અધ્યાપન કાર્ય કરવું જોઈએ. અધ્યયન અધ્યાપન ત્યારેજ અર્થપૂર્ણ અને અસરકારક બની શકે છે જ્યારે શિક્ષક પોતાની તમમાં શક્તિઓને શિક્ષણ વિકાસમાં ઉપયોગ કરે. પ્રત્યેક શિક્ષકે વિદ્યાર્થીને વ્યક્તિગત અને જુથ કાર્ય દ્વારા પોતાના શિક્ષણ કાર્યને સુધારવાની તાતી જરૂરિયાત છે. શિક્ષક પોતે જ સમાજનો ઘડવૈયો છે. સમાજમાં પરીવર્તન માટે શિક્ષકે જ સહભાગી થઈ મોટી જવાબદારી ઉપાડવાની છે. આથી કહી શકાય કે, નાગરિક સૂઝ એ પ્રત્યેક નાગરિક માટે આવશ્યક છે અને જેની જાગૃતતા શિક્ષાક દ્વારા જ શક્ય છે.

**ચાવીરૂપ શબ્દો:** નાગરિક સૂઝ, બાળકો

## પ્રસ્તાવના અને મહત્વ

નાગરિક શિક્ષણ એ એક સમાજવિદ્યાનું એક અભિન્ન અંગ છે જેની અંદર સમાજશાસ્ત્ર એક અલગ વિષય તરીકે ઉભરી આવેલા છે ૧૯૯૦ પછીના દાયકામાં સમાજશાસ્ત્રને સમાજવિદ્યા તરીકે ઓળખવામાં આવ્યું છે તેમાં મુખ્યત્વે બે ક્ષેત્રોને ઉમેરવામાં આવ્યા છે જે પર્યાવરણ અને અર્થશાસ્ત્ર સમાજશાસ્ત્રની ઈતિહાસ નાગરિક અને ભૂગોળ જ આવતું હતું. સમાજવિદ્યા ની અંદર પાંચ ક્ષેત્રો હોય છે સમાજશાસ્ત્રના શિક્ષણની વાત કરીએ ત્યારે વિદ્યાર્થીઓનું મુખ્ય અભિગમ હોય છે કે સમાજશાસ્ત્ર વિષય એ એક અઘરો વિષય લાગે છે કારણ કે આમાં વિદ્યાર્થીને વાંચવાનું હોય છે અને એને યાદ રાખવાનું હોય છે તદુપરાંત વિદ્યાર્થીને પોતાને વિષય પ્રત્યે રસ કેળવી શકાતું નથી કારણ કે શિક્ષક વિદ્યાર્થીને વર્ગખંડની અંદર માત્ર

માહીતીનો જ શિક્ષણ આપી રહ્યો છે. તત્વચિંતકો અને શિક્ષણવિદો એ ઊંડાણ પૂર્વક વિચાર કર્યો ત્યારબાદ એક અભિગમ કેળવવામાં આવ્યો કે આપણે સમાજશાસ્ત્ર ને સામુદાયિક કાર્ય દ્વારા એક બીજા વ્યક્તિ સાથે મળીને ચર્ચાઓ કરીને સામાજિક સંબંધો સ્થાપી ને જણાવવામાં આવે તો તે ખૂબ જ અનેરો ઉપયોગી વિષય બની શકે છે. નાગરિક શિક્ષણ ખૂબ જ અગત્યનો વિષય છે શિક્ષણની અંદર જોઈએ તો સી બી એસ સી બોર્ડ ની અંદર અને ગુજરાત રાજ્ય સરકાર પાઠ્યપુસ્તકની અંદર એનસીઆરટી ટેક્સ બુક ની અંદર એમના કાર્યક્રમમાં સમાજશાસ્ત્ર વિષય ફરજિયાત મૂકવામાં આવેલો છે. જ્યારે સંસ્કૃત વિષય ને એટલું પ્રાધાન્ય આપવામાં આવતું નથી. સમાજશાસ્ત્ર વિષય નો મુખ્ય હેતુ દરેક નાગરિકને સમાજનો એક જવાબદાર નાગરિક બનાવવાનું કામ કરે છે. વિદ્યાર્થી જો સમાજશાસ્ત્ર ના નાગરિક શિક્ષણના વિભાગોને નહીં સમજે તો કેવી રીતે સમાજનો જવાબદાર નાગરિક બનશે.વિદ્યાર્થીને નાગરિક શિક્ષણને લગતા તમામ પાસાઓને/ પરિબળોને સંશોધનમાં આવરી લેવામાં આવ્યા હતા.જેના દ્વારા સંશોધકે વિદ્યાર્થીઓની નાગરિક સૂઝ અને તેમાં અવરોધરૂપ બનતા મુદ્દાઓ ઉપર અભિપ્રાયો લેવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની નાગરિક સૂઝ એ માત્ર શિક્ષણ પૂરતું જ નહીં પણ સમાજના એક જવાબદાર નાગરિક માટે અત્યંત આવશ્યક છે

**હેતુઓ**

- વિદ્યાર્થીઓના નાગરિક સૂઝ વિકસાવાવમાં અસર કરતાં મુદ્દાઓનો અભ્યાસ કરવો
- નાગરિક સૂઝ કેળવવામાં અસરકરતા મુદ્દાઓ પર વિદ્યાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ કરવો
- વિદ્યાર્થી નાગરિક સૂઝ પ્રશ્નાવલિ અને નાગરિક સૂઝ પ્રાપ્ત કરવામાં અસરકારતા મુદ્દાઓ માટેની અભિપ્રાયાવલિની રચના કરવી

**સંશોધનના પ્રશ્નો**

૧. વિદ્યાર્થીઓના નાગરિક સૂઝ વિકસાવાવમાં કયા કયા મુદ્દાઓ અસર કરે છે?

૨. વિદ્યાર્થીઓને કયા મુદ્દાઓ નાગરિક સૂઝ મેળવવામાં વધુ અસર કરે છે?

૩. વિદ્યાર્થીઓના નાગરિક સૂઝ અને નાગરિક સૂઝ પ્રાપ્ત કરવામાં અસરકરતા મુદ્દાઓમાં શું ફેર છે?

**સંશોધનનું સીમાંકન:** પ્રસ્તુત સંશોધન માત્ર છોટાઉદેપુર તાલુકામાં આવેલ સરકારી પ્રાથમિક શાળાઓ પુરતું માર્યાદિત હતું. સંશોધન માટે ઉપ્યોગમા લેવાયેલ ઘટકો પુરતુ મર્યાદિત હતુ. અધ્યયન પદ્ધતિ, વિષયવસ્તુ સમજ, અધ્યાપન સામગ્રી, વિષયવસ્તુનું સ્વરૂપ, વિદ્યાર્થિની અભિરૂચિ, અન્ય સાહિત્યની સુવિધા અને ગુણવત્તા, વર્ગખંડ પ્રવૃતિઓ, સહ અભ્યાસિક પ્રવૃત્તિ અને ગૃહકાર્ય અને પ્રોજેકટ કાર્ય વગેરે ઘટકો સામેલ હતા.

## પ્રસ્તુત સંશોધનની વિશેષતા

- ગુજરાત રાજ્યના છોટાઉદેપુર તાલુકા ની કોઈપણ શાળાની અંદર નાગરિક સૂઝ અંગેનું સંશોધન હાથ ધરાયેલ નથી પ્રસ્તુત સંશોધન તે જૂની નાગરિક શૂઝ અને તેની અસર કરતા પરિબળો નો અભ્યાસ કરેલો છે. સંશોધનના મુખ્ય ઘટકો સીધી રીતે વિદ્યાર્થીઓની નાગરિક સુઝને અસરકારક થાય છે તે તમામ પરિબળોનો અહીં ઉલ્લેખ કરેલો છે તથા તેનો નાગરિક સૂઝ માટે સાથે કેવો સંબંધ છે તેનો પણ અભ્યાસ કરેલો છે પ્રકરણ-૪ માં સંશોધકે તમામ માહિતીનું અર્થઘટન અને વિશ્લેષણ આંકડાકીય પ્રવૃત્તિ દ્વારા કરાયેલું છે.
- પૂર્વે થયેલ સંશોધન વિદ્યાર્થીઓની માત્ર સમાજવિદ્યા ની સિદ્દિધ ઉપર સંશોધન હાથ ધરાયેલા છે પણ પ્રસ્તુત સંશોધન વિદ્યાર્થીઓની નાગરિક સુઝ અને તેને અસર કરતા પરિબળો પર હાથ ધરાયેલ નથી.
- પ્રસ્તુત સંશોધન ની અંદર કુલ બે ઉપકરણની રચના કરેલી છે અને બંને સંશોધન ઉપકરણો સંશોધનના પંસંદિત ઘટકો ઉપર આધારિત છે સંશોધનને માત્ર નાગરિક શૂઝ અને તેની અસર કરતા પરિબળો સાથે જ સંબંધિત છે.

- પ્રસ્તુત સંશોધન ની અંદર સંશોધક કે સંશોધન માટે ની રચના કેવી રીતે કરવી અને કેવા પ્રશ્નો રાખવા તેનું પ્રાથમિક સ્વરૂપ તજજ્ઞોને અને સંશોધક માર્ગદર્શક અને રજૂઆત કરેલી હતી ત્યારબાદ તેઓએ આપેલા સૂચનો મુજબ સંશોધકે પોતાના સંશોધનની અંદર પ્રશ્ન અને જવાબો ની રચના કરી હતી અને વિદ્યાર્થીઓના અભિપ્રાયો મેળવવા માટે હા અને ના પ્રકારના પ્રશ્નો જ રાખેલા હતા જેથી સંશોધક પોતાના સંશોધનને કયો કેવી રીતે અને કેટલે અંશે અસર કરે છે અને નથી કરતો તેનું સીધું અને સચોટ તારણ મળી શકે.
- સંશોધન કુલ છ શાળાઓ પૂરતું જ મર્યાદિત છે અને શાળાઓ છોટાઉદેપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારની શાળાઓ છે જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ ધોરણ ૮ માં  અધ્યયન અધ્યાપન કાર્ય કરે છે. પૂર્વ થયેલ સંશોધનો વિદ્યાર્થીઓના બુદ્ધિઆંક અને પ્રવૃત્તિમય શિક્ષણનો જ અભ્યાસ કરે છે જ્યારે પ્રસ્તુત સંશોધન એક નાગરિક તરીકે પાયાની અને પોતાના વિષયવસ્તુ,માં આવતા ધોરણ-૮ ના સમાજવિદ્યાના પાઠ્યપુસ્તકમાં નાગરિક વિષય સંબંધિત માહિતીનો જ અભ્યાસ કરે છે.
- સંશોધનમાં પ્રત્યેક વ્યક્તિ પોતાના મૂળભૂત હકો અને પ્રાથમિક નાગરિક સમજ છે કે નહીં અને જો ના હોય તો તેમાં કેવા પરિબળો અસર કારક થાય છે એના ઉપર સંશોધન હાથ ધરાયું છે.
- પ્રસ્તુત સંશોધન વિદ્યાર્થીઓની બુદ્ધિઆંક અને માહિતીને જ નહિ પરંતુ તેઓની નાગરિક પ્રત્યેની પ્રાથમિક સમજ અને તેની પ્રાપ્તિ માટે અડચણરૂપ બનતા મુદ્દાઓનો અભ્યાસ કરે છે.
- સંશોધન એક વિસ્તૃત અને બહોળા સ્વરૂપ ને બદલે એક ચોક્કસ અને અને મુદ્દાઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવેલું છે પૂર્વે થયેલા સંશોધનમાં જોતાં જણાશે કે મોટાભાગના સંશોધકોએ પોતાના સંશોધનને વિસ્તૃત કરવા માટે અથવા તો તેનો વ્યાપ વધારવા માટે બહોળો નમૂનો અને ખૂબ જ વિશાળ વિષય વસ્તુ લીધેલ છે જેથી સંશોધનનો સાચું અને સચોટ તારણ મેળવવું અઘરું બની જાય છે.

**સંશોધન યોજના**

**સંશોધન પદ્ધતિ:** સર્વેક્ષન અને સંખ્યાત્મક પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવેલ હતો.

**સંશોધનનો વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે ગુજરાત રાજ્યના છોટાઉદેપુર તાલુકાની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે લીધેલ છે.

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વમાથી સંશોધકે યાદચ્છિક પદ્ધતિ દ્વારા છોટા ઉદેપુર તાલુકાની ૬ શાળામાથી કુલ ૩૦૦ વિદ્યાર્થીઓને સંશોધન નમૂના તરીકે લેવામાં આવ્યો હતો.

**સંશોધનનો નમૂનો**

| **ક્રમ** | **શાળાનું નામ** | **કુલ વિદ્યાર્થીઓ** |
|---|---|---|
| ૧ | અલ્સીપૂર પ્રાથમિક શાળા, છોટા ઉદેપુર | ૪૫ |
| ૨ | અંબાલા પ્રાથમિક શાળા , છોટા ઉદેપુર | ૫૫ |
| ૩ | ચિંચોડ પ્રાથમિક શાળા , છોટા ઉદેપુર | ૪૮ |
| ૪ | દેવળીયા કન્યા કુમાર શાળા , છોટા ઉદેપુર | ૫૦ |
| ૫ | જામલા પ્રાથમિક શાળા , છોટા ઉદેપુર | ૫૨ |
| ૬ | કીકાવાડા કુમાર અને કન્યા શાળા , છોટા ઉદેપુર | ૫૦ |
| કુલ | | ૩૦૦ |

**સંશોધન ઉપકરણો**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સ્વ-રચિત કુલ બે પ્રશાનવલિનો ઉપયોગ કર્યો હતો. જે નીચે મુજબ છે.


૧. વિદ્યાર્થી નાગરિક સૂઝ પ્રશ્નાવલિ

૨. નાગરિક સૂઝ પ્રાપ્તિમાં અસરકારતા મુદ્દાઓ અંગે અભિપ્રાયાવલિ

**માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણ પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ અને સંખ્યાત્મક હોવાથી સંશોધકે સૌ પ્રથમ શાળાઓની યાદી બનાવી અને ત્યારબાદ તેમાથી કુલ ૬ શાળાઓને ચિઠ્ઠી દ્વારા ઉપાડવામાં આવી હતી. સંશોધકે રૂબરૂ મુલાકાત કરીને તમામ શાળાઓમાથી પરવાનગી લઈને બંને પ્રકારનાં ઉપકરણ વિદ્યાર્થીઓને ભરવા માટે આપેલ હતી. તેઓના જવાબોને ટકાવારીમાં નીચે મુજબ રજૂ કરેલ છે.

**વિદ્યાર્થીઓની નાગરિક સૂઝનું માહિતી વિશ્લેષણ**





ઉપર્યુક્ત આલેખ વિદ્યાર્થીઓના ઉત્તરોને ટકાવારીમાં દર્શાવે છે. આલેખનો અભ્યાસ કરતાં જણાય છે કે કુલ ૭ પ્રશ્નોમાં કુલ ૨૦ % કરતાં પણ ઓછા વિદ્યાર્થીઓના જાવાબ આવ્યા છે. તદુપરાંત માત્ર ૪ પ્રશ્નોમાં જ વિદ્યાર્થીઓએ ૬૦ % કરતાં વધુ ગુણ ભાર મેળવી શક્યા છે.

## નાગરિક સૂઝ પર અસર કરતાં મુદ્દાઓ પર વિદ્યાર્થીઓના અભિપ્રાયો

વિદ્યાર્થીઓની નિમ્ન નાગરિક સૂઝ પર વિવિધ પરિબળો અસર કરતાં હોય છે .સંશોધકે વિવિધ તજજ્ઞો સાથે ચર્ચા કરી, શાળા ના શિક્ષકો સાથે ચર્ચા કરી અને ત્યારબાદ કુલ ૧૦ મુદ્દાઓની યાદી બનાવી હતી .પ્રત્યેક મુદ્દા પર ૩ વિધાનો બનવામાં આવ્યા હતા .ત્યારબાદ તેને હા કે ના પ્રકારની પ્રશ્નાવલિમાં રચાવામાં આવ્યા હતા .ત્યારબાદ જે વિદ્યાર્થીઓએ નાગરિક સૂઝ પ્રશ્નાવલિ ભરી હતી તેઓનેજ આ પ્રશ્નાવલિમાં પોતાના અભિપ્રાયો આપવા તક આપેલ હતી .

**વિદ્યાર્થીઓની નાગરિક સૂઝનું માહિતી વિશ્લેષણ**




ઉપર્યુક્ત આલેખ વિદ્યાર્થીઓના ઉત્તરોને ટકાવારીમાં દર્શાવે છે. આલેખનો અભ્યાસ કરતાં જણાય છે કે કુલ ૧૦ મુદાઓમાથી વિદ્યાર્થીઓએ મુખ્ય બે મુદા જેવાકે અધ્યાપન પ્રણાલી અને અધ્યાપન સામગ્રીને વખોળી કાઢ્યા છે. આ પરથી એવું તારણ કાઢી શકાય કે શિક્ષકો એ હજી પોતાના શિક્ષણ કાર્યને અસરકારક બનાવવાની જરૂર છે. ત્યારબાદ શિક્ષક નો વિદ્યાર્થીઓના અધ્યયન માટે અનુકાર્ય, ગૃહકાર્ય, મૂલયાકન પ્રત્યે પણ નબળા અભિપ્રાયો મળેલ છે.

**સંશોધનનાં તારણો**

૧. વિદ્યાર્થીઓએ નાગરિક સૂઝ પ્રાપ્તિમાં શિક્ષકની ભૂમિકા અને તેની અધ્યાપન પ્રાણાલી ખુબજ અસર કરે છે.

૨. વિદ્યાર્થિઓની નાગરિક સૂઝ માટે એક કરતાં વધુ પરિબળો અસર કરે છે.

૩. વિદ્યાર્થિઓની નાગરિક સૂઝ માટે સૌથી વિશેષ શિક્ષકની અધ્યાપન પ્રાણાલી, વર્ગખડ કાર્ય અને અનુકાર્યની સવિશેષ અસર પડે છે.

૪. વિદ્યાર્થિઓને વિષય અધ્યાપન માટે ની જરૂરી માહિતી અને અધ્યયન સામગ્રીની પૂરતી જાણકારી છે.

૫. વિદ્યાર્થીઓને ઈત્તર પ્રવૃતીમાં રસ પડે છે પરંતુ તેનું આયોજન નહિવત થતું હોવાથી વિષયમાં રસ કેળવાતો નથી.

૬. શિક્ષક વધુ પડતાં શૈક્ષણિક સાધનો અને પ્રવૃતિ દ્વારા અધ્યાપન કરાવતા નથી.

૭. વિદ્યાર્થીઓની અભિરુચિ અને પ્રેરણા નહિવણ હોવા પાછળ શાળાકાર્ય જવાબદાર છે.

૮. શિક્ષક વર્ગખડમાં સૌથી વધુ લેક્ચર પદ્ધતિનો ઉપયોગ કરે છે. જેના કારણે વિદ્યાર્થીઓને વિષય કંટાળાજનક લાગે છે.

૯. શિક્ષક સતત મૂલયાકન અને અનુકાર્ય માટે સવિશેષ આયોજન અને અમલીકરણ કરાવતા નથી.

૧૦. વિદ્યાર્થીઓને નાગરિક સૂઝ માટે યોગ્ય વાતાવરણ મળતું નથી. જેથી તેઓના સહપાઠીઓ અને શિક્ષકો નિમ્ન નાગરિક સૂઝ ધરાવે છે.

**સંશોધનના ફલિતાર્થો**

૧. શિક્ષકની પ્રવૃતિયુક્ત અધ્યાપન પદ્ધતિથી વિદ્યાર્થીઓમાં વધુ રસ ઉદભવે છે અને નાગરિક સૂઝ માં નોંધપાત્ર વધારો જોવા મળે છે.

૨. નાગરિક સૂઝ પ્રાપ્તિમાં શિક્ષકના અધ્યાપન ઉપરાંત પણ ઘાના બધા પરિબળો અસર કરે છે.

૩. શિક્ષકની અધ્યાપન પ્રાણાલી, વર્ગખંડ કાર્ય અને અનુકાર્યને સૌથી વધુ ઉત્તમ બનાવાની જરૂર છે.

૪. વિદ્યાર્થિઓને વિષય અધ્યાપન માટે ની જરૂરી માહિતી અને અધ્યયન સામગ્રીની પૂરતી જાણકારી છે. વિદ્યાર્થીઓને અધ્યાપન સામગ્રીનો યોગ્ય ઉપયોગ કરાવાની જરૂર છે.

૫. નાગરિક સૂઝ માટે દરેક વિદ્યાર્થીને ઈટ્ટાર પ્રવૃતીમાં રસ છે પરંતુ તેનું આયોજન અને અમલીકરણ કરવાની જરૂર છે.

૬. શિક્ષકે વધુ પડતાં શૈક્ષણિક સાધનો અને પ્રવૃતિ દ્વારા અધ્યાપન કરાવવું જોઈએ.

૭. શાળા અને શિક્ષક વિદ્યાર્થિઓની નિમ્ન નાગરિક સૂઝ માટે જવાબદાર છે.

૮. શિક્ષક અને શાળા વિદ્યાર્થીઓમાં રસ અને અભિરુચિ વિકસાવી શકે છે.

૯. લેકચર પદ્ધતિના ઉપયોગથી વિદ્યાર્થી બિન પ્રોત્સાહિત થાય છે. અને અંતે વિષય કંટાળાજનક લાગે છે.

૧૦. શિક્ષકે સતત મૂલયાકન અને અનુકાર્ય માટે સવિશેષ આયોજન અને અમલીકરણ કરવાની આવશ્યકતા છે.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનનો અભ્યાસ કરતાં એ સુનિશ્ચિત થાય છે કે અધ્યયન અધ્યાપન ત્યારેજ અર્થપૂર્ણ અને અસરકારક બની શકે છે જ્યારે શિક્ષક પોતાની તમમાં શક્તિઓને શિક્ષણ વિકાસમાં ઉપયોગ કરે. પ્રત્યેક શિક્ષકે વિદ્યાર્થીને વ્યક્તિગત અને જુથ કાર્ય દ્વારા પોતાના શિક્ષણ કાર્યને સુધારવાની તાતી જરૂરિયાત છે. શિક્ષક પોતે જ સમાજનો ઘડવૈયો છે. સમાજમાં પરીવર્તન માટે શિક્ષકે જ સહભાગી થઈ મોટી જવાબદારી ઉપાડવાની છે. આથી કહી શકાય કે, નાગરિક સૂઝ એ પ્રત્યેક નાગરિક માટે આવશ્યક છે અને જેની જાગૃતતા શિક્ષાક દ્વારા જ શક્ય છે.

**સંદર્ભ**


- લક્ષ્મીકાંત, એમ. (2020). *ભારતની રાજ્યવ્યવસ્થા* (Gujarati translation of *Indian Polity*). મેકગ્રો હિલ એજ્યુકેશન.
- ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ. (2023). *રાજકીય વિજ્ઞાન: ધોરણ 10, 11 અને 12* [Political Science: Std. 10, 11 & 12]. ગાંધીનગર: ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ.
[Available at https://gujarat-education.gov.in]
- પટેલ, બી. જી. (2021). *ભારતીય બંધારણ અને રાજકીય વ્યવસ્થા.* અમદાવાદ: પ્રજાપતિ પબ્લિકેશન.
- લિબર્ટી કરિયર એકેડમી. (2022). *GPSC Master Civics Book (Gujarati).* અમદાવાદ: લિબર્ટી પબ્લિકેશન.
- અક્ષર પબ્લિકેશન. (2022). *રાજ્યશાસ્ત્ર: સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે.* રાજકોટ: અક્ષર પબ્લિકેશન.
- સ્પેક્ટ્રમ પબ્લિકેશન. (2021). *ભારતની રાજ્યવ્યવસ્થા* (Gujarati Edition). નવી દિલ્હી: સ્પેક્ટ્રમ બુક્સ.